# પુરોવચન

પરમ પૂજ્ય શ્રી રમાનાથને શતસહસ્ર પ્રણામ.

મહાભારતના બે પાત્રો હૃદયને સ્પર્શી જાય તેવાં છે :

૧. ભગવાન શ્રીકૃષ્ણ

૨. પિતામહ ભીષ્મ

ભગવાન શ્રીકૃષ્ણવિષયક સોળ પુસ્તકો લખ્યાં છે. હવે આવે છે – પિતામહ ભીષ્મ. પિતામહ ભીષ્મ માત્ર કૌરવોના અને પાંડવોના જ પિતામહ નથી, તેઓ સમગ્ર ભારતના પિતામહ બની ચૂક્યા છે. પ્રત્યેક ભારતીય ભીષ્મ પિતામહને ગૌરવપૂર્વક પિતામહ ગણે છે અને તેમને 'પિતામહ' કહીને બોલાવે છે. ભારતીયો પર પિતામહનો આવો પ્રભાવ છે.

'ભીષ્મ' શબ્દ પ્રચંડ કે મહાન અર્થનો વાચક બની ગયો છે.

પિતામહ ભીષ્મ અનેક ક્ષેત્રના સમર્થ જ્ઞાતા અને સમર્થ કર્તા છે.

પિતામહ ભીષ્મ ધર્મને સાંગોપાંગ અને સરહસ્ય જાણે છે. એટલું જ નહીં, પિતામહ ધર્મને જીવે છે.

પિતામહ રાજનીતિશાસ્ત્રના સમર્થ જ્ઞાતા છે. પિતામહ રાજસિંહાસન પર કદી બેઠા નથી, પરંતુ પાંડવોને અને કૌરવોને રાજ્યશાસન માટે મૂલ્યવાન માર્ગદર્શન આપે છે. પિતામહ મહાન યોદ્ધા છે. પરશુરામના આ મહાન શિષ્યને પરશુરામ પણ હરાવી શક્યા નથી. તે કાળમાં વિશ્વનો કોઈ એવો યોદ્ધો ન હતો, જે પિતામહ ભીષ્મને હરાવી શકે.

પિતામહ ભીષ્મે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું જીવનભર યથાર્થતઃ પાલન કર્યું છે.

પિતામહે જીવનભર પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું છે. અરે! ભીષ્મ અને પ્રતિજ્ઞા જાણે પર્યાયવાચક શબ્દો બની ગયા. આજે પણ દૃઢ અને પ્રચંડ પ્રતિજ્ઞા માટે 'ભીષ્મ પ્રતિજ્ઞા' શબ્દનો પ્રયોગ થાય છે. આવું છે પિતામહની પ્રતિજ્ઞાનું સ્વરૂપ!

પિતામહ ભીષ્મે પોતાના કોઈ પણ સ્વાર્થ વિના જીવનભર કુરુવંશની રક્ષા

કરી છે. યુદ્ધ, કુલરક્ષા, રાજનીતિ તો પિતામહનો બહિરંગ ધર્મ હતો. પિતામહનો અંતરંગ ધર્મ છે – અધ્યાત્મ! અધ્યાત્મનું જ્ઞાન અને આધ્યાત્મિક જીવનપદ્ધતિ – આ પિતામહનું અંતરંગ અને યથાર્થ જીવન છે.

બહિરંગ દૃષ્ટિએ જોઈએ તો પિતામહ ભીષ્મે સંન્યાસ ધારણ કર્યો નથી, પરંતુ અંતરથી તેઓ યથાર્થ અને મહાન સંન્યાસી છે.

ભગવાન પરશુરામ ભગવદાવતાર છે અને તેમણે શસ્ત્રો ધારણ કર્યાં છે. એટલું નહીં, પરંતુ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં તો તેમને સર્વોચ્ચ યોદ્ધા ગણ્યા છે.

રામઃ શસ્ત્રભૃતામહમ્।

*– ગીતા; ૧૦-૩૧*

*'સર્વ શસ્ત્રધારીઓમાં પરશુરામ હું છું' અર્થાત્ શસ્ત્રધારીઓમાં પરશુરામ સર્વશ્રેષ્ઠ છે. આવા મહાન શસ્ત્રધારીઓના શિષ્ય પિતામહ પણ હૃદયથી સંન્યાસી છે. અરે! વસુના અવતાર છે. તેમણે પણ શસ્ત્રો ધારણ કર્યાં છે અને યુદ્ધના મેદાનમાં - કુરુક્ષેત્રમાં જ દેહત્યાગ કરે છે.*

પિતામહ ભીષ્મ મહાન યોદ્ધા છે, પરંતુ તેઓ મહાન યોદ્ધા જ નથી. તેઓ બીજું ઘણું છે. તેમને મહાન યોદ્ધા જ ગણીએ તો તેનાથી તેમના મહાન વ્યક્તિત્વનો પરિચય મળતો નથી. પિતામહ ભીષ્મ ધર્મપુરુષ છે, તેઓ અધ્યાત્મપુરુષ છે; તેઓ નૈષ્ઠિત બ્રહ્મચારી છે અને સૌથી અધિક તેઓ હૃદયથી અંતરંગ સ્વરૂપે મહાન અને સાચા સંન્યાસી છે.

આવા મહાન પિતામહ ભીષ્મે મારી ચેતનાનો કબજો જમાવ્યો અને અંદર હોય તે તો બહાર આવે જ! તદનુસાર આ ગ્રંથની રચના થઈ છે.

પ્રારંભમાં વંશનો પરિચય આપ્યો છે અને વંશપરિચય પછી આવે છે– પિતામહ ભીષ્મનું પ્રાગટ્ય. પિતામહનું પ્રાગટ્ય પણ ઘણું વિશિષ્ટ સ્વરૂપનું છે. જેઓ વિશિષ્ટ હોય તેમનું પ્રાગટ્ય પણ વિશિષ્ટ જ હોય. આઠ વસુઓમાંના એક વસુ, અષ્ટમ્ વસુ પિતામહ ભીષ્મરૂપે પૃથ્વી પર આવ્યા છે.

પિતામહ ભીષ્મ અને કુરુવંશ ગાઢ રીતે સંકળાયેલા છે. તદનુસાર અહીં 'પિતામહ અને કુરુવંશ'નું કથન થયું છે.

પાંડવો અને કૌરવોનો ઉછેર અને શિક્ષણ પિતામહના માર્ગદર્શન પ્રમાણે થાય છે. અહીં તેનું પણ કથન છે.

પાંડવો અને કૌરવો વચ્ચે દ્યુતક્રીડા ગોઠવાય છે. દ્રૌપદીના વસ્ત્રહરણનો દુષ્ટ પ્રયત્ન પણ થાય છે. આ સર્વ પ્રસંગે પિતામહ હાજર હતા. તદનુસાર અહીં આ પ્રસંગોનો સમાવેશ પણ થયો છે.

શાંતિદૂત શ્રીકૃષ્ણ હસ્તિનાપુર જાય છે અને હસ્તિનાપુરની રાજસભામાં શ્રીકૃષ્ણ પોતાનું અપ્રતિમ વક્તવ્ય આપે છે. આ વક્તવ્ય પિતામહ ભીષ્મ પણ શ્રવણ કરે છે. અહીં વિશિષ્ટ પ્રસંગ પણ લીધો છે. મહાભારતના યુદ્ધમાં તો કૌરવસેનાના સેનાપતિ તરીકે પિતામહ પોતાનું અપ્રતિમ યુદ્ધકૌશલ્ય દર્શાવે છે. તે પણ અહીં મૂક્યું છે.

બાણશય્યા પરથી પિતામહ જે જ્ઞાનવાણી વહાવે છે, તે તો બાજુમાં મૂકી જ ન શકાય. પિતામહ ભીષ્મની વાણી મહાભારતનાં બે મહાન પર્વ – શાંતિપર્વ અને અનુશાસન પર્વમાં સંગ્રહિત થયેલી છે. આ બે પર્વો એટલાં વિશાળ છે કે તેમનું વર્ણન કરીએ તો તે માટે અનેક ગ્રંથોની રચના કરવી પડે. તેથી અહીં આ મહાપર્વોનો માત્ર અનુક્રમ આપ્યા છે, જેથી વાચકને આ બે પર્વોનો કંઈક પરિચય મળી શકે અને પિતામહ ભીષ્મની વાણીનો કંઈક અણસાર તેઓ પામી શકે.

પિતામહ ભીષ્મની વાણીનાં થોડાં ખૂબમૂલ્ય પ્રકરણો અહીં સવિસ્તર મૂક્યાં છે – રાજધર્મ, ધર્મ-અધ્યાત્મ, અ-લોહ શસ્ત્ર અને ભગવાન નારાયણ અને પંચરાત્ર. અને અંતે છે – અંતિમ પ્રાર્થના અને ઉત્તરાયણમાં દેહાવસાન.

શ્રીકૃષ્ણ અને ભીષ્મની તુલના ન થઈ શકે, પરંતુ તેમાંના આંતરવ્યક્તિત્વનો કંઈક પરિચય મળે તે હેતુથી અહીં મૂક્યું છે, આ પ્રકરણ – શ્રીકૃષ્ણ અને ભીષ્મ.

આ ગ્રંથની રચનામાં અમને અનેક મહાનુભાવોના અનેક ગ્રંથોની સહાય મળી છે. સૌથી વિશેષ સહાય મળી છે – ભગવાન વ્યાસદેવજી મહારાજની!

અમે સૌને ઋણસ્વીકારપૂર્વક પ્રણામ કરીએ છીએ.

સૌને પ્રણામ! સૌનો આભાર!

**– ભાણદેવજી**

# અનુક્રમણિકા


1. સૂર્યવંશ-ચંદ્રવંશ-કુરુવંશ-યદુવંશ-નંદવંશ . . . . . . . . . . .1
2. પ્રાગટ્ય. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .8
3. પિતામહ અને કુરુવંશ. . . . . . . . . . . . . . . . . . .17
4. પિતામહ અને પાંડવ-કૌરવ. . . . . . . . . . . . . . . .40
5. પરિત્રાણ . . . . . . . . . . . . . . . . . . . . . . . . .48
6. શાંતિદૂત શ્રીકૃષ્ણ . . . . . . . . . . . . . . . . . . . . .59
7. रश्मिरथी (कृष्ण दुर्योधन संवाद) . . . . . . . . . . . . .73
8. મહાભારત - મહાયુદ્ધ. . . . . . . . . . . . . . . . . . . .76
9. મહાભારતનું યુદ્ધ અને પિતામહ ભીષ્મ . . . . . . . . . .84
10. કુરુક્ષેત્રમાં જ્ઞાનસભા. . . . . . . . . . . . . . . . . . .99
11. રાજધર્મ . . . . . . . . . . . . . . . . . . . . . . . .105
12. ધર્મ-અધ્યાત્મ . . . . . . . . . . . . . . . . . . . . . 115
13. અ-લોહ શસ્ત્ર . . . . . . . . . . . . . . . . . . . . . .121
14. ભગવાન નારાયણ અને પંચરાત્ર . . . . . . . . . . . . .129
15. અંતિમ પ્રાર્થના . . . . . . . . . . . . . . . . . . . . .143
16. ઉત્તરાયણમાં દેહાવસાન . . . . . . . . . . . . . . . . .148
17. શ્રીકૃષ્ણ અને ભીષ્મ. . . . . . . . . . . . . . . . . . . .159
18. શાંતિ પર્વ . . . . . . . . . . . . . . . . . . . . . . . .165
19. અનુશાસન પર્વ. . . . . . . . . . . . . . . . . . . . . .173